# ઈબ્રાહિમ, વિશ્વાસનો પિતા,

***જે ઓ બાળકોને શિક્ષણ આપે છે તેઓ F1b અભ્યાસ વાંચે.***

**પ્રાર્થના :** વહાલા આકાશમાંના ઈશ્વર, જેમ ઈબ્રાહિમે કર્યુ તેમ મારૂં ટોળુ વિશ્વાસમાં વધે તે માટે કૃપા કરી આ અભ્યાસને વાપરવા માટે મદદ કરો જેથી કરીને તેઓ તમારા વચન પ્રમાણે વર્તે. જે અમે માનીએ છીએ તેમાં આજ્ઞાંકિત બનવા અમને મદદ કરો. ઈસુના નામમાં,આમેન.

૧. **તમારૂ હૃદય અને મગજ પ્રાર્થના અને ઈશ્વરના વચન માટે તૈયાર કરો.**

યાકુબ ૧: ૨૨ **મુખપાઠ કરો.**

ઈબ્રાહિમ પાસેથી **શીખો.**

- પાઉલે કહ્યું ઈબ્રાહિમ આપણા વિશ્વાસનું ઉદાહરણ છે. ગલાતી ૩: ૬-૧ આપણી જેમ અબ્રાહમમાં નબળાઈઓ હતી અને તેણે ભૂલો કરી, છતાં જયારે ઈશ્વરે તેનો વંશ આકાશના તારા જેટલો વધારાવાનું વચન આપ્યું. તેણે ઈશ્વર પર વિશ્વાસ કર્યો ઈશ્વરે તેનો વિશ્વાસ જોઈ તેને ન્યાયી ઠેરવ્યો. ઉત્પતિ ૧૫: ૧-૬ આપણે પણ ઈશ્વરના વચનો પર વિશ્વાસ રાખીએ અને તેણે જેમ વિશ્વાસ કર્યો તેમ હજારો અવિશ્વાસીઓને અબ્રાહમના આત્મિક દીકરા બનાવવામાં ભાગીદાર બનીએ

ઉત્પતિમાંથી **જાણો...**

- ૧૨: ૨-૩ માં ઈબ્રામને ઈશ્વરે ક્યું વચન આપ્યુ ? (અબ્રાહમ નામ બદલ્યો પૂર્વે) ૧૭:૫)
- ૧૫ : ૧-૬ માં ઈબ્રામે શાની ઉપર વિશ્વાસ કર્યો,જેથી ઈશ્વરે તેને ન્યાયી ઠરાવ્યો ?
- ૧૫ : ૭-૨૧ ઈશ્વરે ઈબ્રામને આપેલુ વચન કેવી રીતે પૂર્ણ કર્યુ ? તે ફક્ત ઈબ્રામના જ બલીદાન અને પ્રયત્નોનું પરિણામ હતું ? (જવાબ-ઈશ્વરનો કાબુ હતો)
- ૧૬ : ૧-૧૬ માં ઈશ્વરના વચનને પૂરા કરવા નો ઈબ્રામનો પોતાનો પ્રયત્ન
- ૧૮: ૧ થી ૧૯:૨૯ સુધી અબ્રાહમના ભત્રિજા લોત અને લોતની દીકરીઓને ઈબ્રામે વિશ્વાસથી કેવી રીતે બચાવ્યાં?
- ૨૨ :૧-૧૮ ઈશ્વરે ઈબ્રામના વિશ્વાસની કસોટી કેવી રીતે કરી ? ઈશ્વરે સર્વ વિશ્વાસીઓને ઈબ્રામના વિશ્વાસને કારણે શું વચન આપ્યું ?



ઈશ્વરે કેવી રીતે આપણને વિશ્વાસ આપ્યો મહેરબાની કરી એક પળ માટે વિચારો કે તમારો વિશ્વાસ કયાંથી આવ્યો છે મિત્રોની સાક્ષીથી ? વચન સ્વપ્ન કે દર્શન ? પવિત્ર આત્માની ખાત્રીથી ? પ્રાર્થનાથી ? ઈસુના નામમાં ? ચમત્કારીક સાજાપણાથી?

**૨. અઠવાડિયામાં કરવાની પ્રવૃતિઓની સાથી કાર્યકારો સાથે યોજના કરો.**

જો કોઈ અનુયાયી નબળા વિશ્વાસમાં સંઘર્ષ કરે છે તેમને અબ્રાહમ વિષે કહો, અને તમે શા માટે વિશ્વાસ કરો છો તે તમારી પોતાની સાક્ષી આપો.

તમને ઈશ્વરે બક્ષેલ વિશ્વાસ નમૂના સહિત જરૂરિયાત મંદ પડોશીઓને વ્યવહારથી સમજાવો.

અલ્પ વિશ્વાસ ધરાવતા સંઘર્ષમય લોકો માટે પ્રાર્થના કરો.

તમે તેમને તેમના ઘરોમાં જઈને ભાગ-૩માં જણાવેલ પ્રવૃતિઓ પ્રમાણે પ્રોત્સાહિત કરો.

**૩. આગામી ભજનસેવા માટે સાથીઓ સાથે યોજના કરો**

સ્થાનિક રીવાજો અને જરૂરિયાત મુજબ પ્રવૃતિઓ **પંસદ કરો.**

અબ્રાહમની વાર્તા **કહો** અથવા નાટય રૂપાંતર કરો.

આ સત્યો **સ્પષ્ટ કરો.**

- ઈશ્વરે અબ્રાહમને પોતાના સ્નેહીઓને મૂકી પરદેશની ભૂમિમાં જવા કહ્યુ. તે વિશ્વાસથી અનુસર્યો. તેણે તેની પત્ની અને ચાકરને લઈ સેંકડો કિલો મીટરનો પ્રવાસ કર્યો.
- આ ભુમિ માં ઈશ્વર ફરીથી બોલ્યો અને અબ્રાહમને ઘણાં (વંશજ) દિકરા દિકરીઓ આપવાનું વચન આપ્યું અબ્રાહમે ઈશ્વરના વચનનો વિશ્વાસ કર્યો અને ઈશ્વરે તેના આ વિશ્વાસને ન્યાયી ઠેરવ્યો.
- ઈશ્વરે એવું વચન આપ્યુ કે અબ્રાહમના વંશથી બધી જાતિઓને તે આશિર્વાદ આપશે.
- અબ્રાહમ જાણતો ન હતો કે આ વચનો પૂરાં થશે કેમ કે તેના વારસ બનવા માટે દીકરો ન હતો.
- ત્યાર પછી ઈશ્વરે અબ્રાહમને બલીદાન તૈયાર કરવા કહ્યુ ઈશ્વરે મનુષ્યો સાથે કરાર કરવા હંમેશા બલીદાન આપ્યુ છે ઈસુએ કહ્યુ પ્રભુ ભોજન તેના લોહીમાં આપણે માટે નવો કરાર છે.
- અબ્રાહમે શિકારી પક્ષીઓ ઉડાડી મૂકયા પણ તે થાકયો અને ભર ઊંઘમાં પડયો તેણે અહિં દર્શન જોયું તેના બલીદાનની મધ્યે ઈશ્વરને ચાલતો જોયો જયારે અબ્રાહમે કંઈ કર્યુ નહિ.
- હજુ પણ અબ્રાહમ સમજી શકયો નહિ કે આ એકલો ઈશ્વર કેવી રીતે તેનુ વચન પરિપૂર્ણ કરશે.
- ત્યાર બાદ તેની પત્ની સારાએ હાગાર દાસીથી થયેલા તેના પુત્રને વારસ તરીકે લેવાનું સુચવ્યું
- અબ્રાહમની મૂર્ખતાએ ઘણા પ્રશ્નો પેદા કર્યા હાગાર ના એક વંશજે ઈસ્લામ ધર્મ સ્થાપ્યો.
- તેઓ સો વર્ષની વયે તેના દીકરા વડે વચન પરિપૂર્ણ થતુ જોયુ સારાએ ઈસ્કાહને જન્મ આપ્યો આ અબ્રાહમનુ બલિદાન કે પ્રયત્નો ન હતા પણ વચન પૂર્ણ કરવા ઈશ્વરની શકિત હતી.
- **નોંધ :** અનુયાયીઓ મુસ્લીમો પાસે રહેતા હોય તો અબ્રાહમને બે દીકરા હતા તેમ સ્પષ્ટતા કરે તેનો પ્રથમ પુત્ર અબ્રાહમની પત્ની સારાની દાસી હાગારનો પુત્ર નમ્યો હતો. તેનુ નામ ઈશ્માએલ હતુ જે આરબોનો પૂર્વજ થયો ઈશ્વરે અબ્રાહમને તેની પત્ની થી વારસ આપવાનુ વચન આપ્યુ તે મુજબનો ઈસ્માએલ વંશજ ન હતો.
- અબ્રાહમનો બીજો દીકરો તેની પત્ની સારાથી જનમ્યો હતો તેનુ નામ ઈસ્હાક હતુ તે યહુદી પ્રજાનો પૂર્વજ બન્યો ઈશ્વરે અબ્રાહમને દેખાડયું કે ઈશ્વરનું વચન ઈસ્કાહ મારફતે દુનિયાને અને યહુદીઓને માટે આશિર્વાદ લાવશે જયારે ઈસુ જનમ્યા ત્યારે તે યહુદી ઈસ્કાહના વંશજ હતા આમ, અબ્રાહમને આપેલ વચન જેઓ ઈસુમાં વિશ્વાસ રાખે છે તેમના માટે આશિર્વાદ લાવે છે. મુસ્લીમોએ પણ ઈસુ પર વિશ્વાસ કરવો જોઈએ.

બાળકો જે તૈયારી કરી લાવ્યા હોય તે રજુ કરે (દેખાડે) સાક્ષી આપવા કહો.

- નવા અનુયાયીઓના જીવનો ઈશ્વરની શકિતએ કેવી રીતે બદલ્યા ?
- કેવી રીતે ઈશ્વરે પ્રાર્થનાઓનો જવાબ આપ્યો અથવા તેનુ વચન પાળ્યુ ?

પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પાળવા ઉત્પતિ ૧૫મો અધ્યાય, અબ્રાહમના બલીદાનમાં ઈશ્વરની હાજરી અંગે વાંચો ઈશ્વર બલિદાન દ્વારા તેનુ વચન રાખે છે અબ્રાહમે બલિદાન ઉપરથી શિકારી પક્ષીઓ દુર રાખ્યા. ઈસુના દ્રષ્ટાંત માં પક્ષીઓ શેતાનની શકિતનુ ભાન કરાવે છે બલિદાનો ઈશ્વર માટે ઘણા મહત્વના છે. ઈશ્વરને માન આપવા આપણે તેમને સન્માન આપીએ. પ્રભુભોજન પાળતાં પહેલા આપણે આપણા પાપોની કબુલાત કરીએ અને એ રીતે ઈસુના શરીર પરથી શેતાની પક્ષીઓને ભગાડીએ (દુર રાખીએ).

**કાવ્ય :** વિશ્વાસનો દુશ્મન (અનુવાદ કરવા આ કાવ્યને કાવ્યનુ રૂપ આપવું જરૂરી નથી)

ભૂખ્યો અજગર (શેતાન) ગર્જવા ચાહે છે.<br>
    કે મોટા ભાગના માણસો નર્કનો માર્ગ પસંદ કરે છે<br>
તે પોતાના નર્કના દૂતોને ચોખ્ખું બતાવવા માંગે છે<br>
    કે દુષ્ટ માણસો કેવા પરિણામને ઈચ્છે છે<br>
તે (શેતાન) સત્યને ધિક્કારે છે, છતાં કબૂલે છે.<br>
    કે જો માણસો અમારું જૂઠાણું સ્વીકારવાની ના પાડી દે<br>
તો અમારી અડધી અડધ શક્તિ વાપરીને પણ<br>
    અમારી ધૂર્તતાથી માણાસોને હું મૂર્ખ બનાવી ન શકું.

બે કે ત્રણના નાના જુથો રચી એકબીજાને સલાહ અને પ્રાર્થના કરી યોજનાને આખરી રૂપ આપો.

એફેસી. ૨: ૮-૧૦ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net